# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૧૯ NO 116 તારીખ: 21 JUN 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ,
પંકિત લક્કી સોની,
૨૧, વિજયનગર, ગોલ્ડન પેલેસની બાજુમાં,
તા- ભુજ-કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૮૨૫૨ ૫૪૫૪૮

વિષય:- કેસ નંબર પીજી૦૧/૦૦૯/૨૦૧૯-૨૦
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૧/૦૦૯/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.
O/C

બિડાણ-ઉપર મુજબ
(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, ભુજ
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
(૩) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, ભુજ રૂરલ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ 116 તારીખ: 21/06/19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-01-009-2019-20.

અરજદાર: શ્રીપંક્તિ લક્કી સોની
ગામ-માધાપર,તા.ભુજ. જિ.-કચ્છ

રજૂઆત કરનાર: (૧) શ્રી બકુલ જેન્તીલાલ સોની
(૨) શ્રી કે.કે.તન્ના
(૩) શ્રી દિપેશ બકુલ સોની- અરજદારના પ્રતિનિધિશ્રી

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ

રજૂઆત કરનાર: (૧) શ્રીજે.જ.ક્રિશ્ચિયન,નાયબ ઈજનેરશ્રી,પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ
(૨) શ્રીએન.ડી.ઠક્કર,નાયબ ઈજનેરશ્રી,પીજીવીસીએલ,ભુજ ગ્રામ્ય પેટાવિભાગ કચેરી

## :: કોરમ ::

૧) શ્રી જે.બી.પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.

તારીખ: ૨૪/૦૫/૨૦૧૯

સદર કેઈસમાં સીજીઆરએફ હીયરીંગ માટે અરજદારને ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેવાની જાણ કરવામાં આવેલ.જેમાં અરજદારશ્રીના પ્રતિનિધિશ્રી બકુલ જેન્તીલાલ સોની,શ્રી કે.કે.તન્ના, શ્રી દિપેશ બકુલ સોની તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેલ. પીજીવીસીએલના અધિકારીઓ તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેલ.




Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી પંક્તિ લક્કી સોની, સ્વ. વિનોદ કાનજી હિરાણી, સર્વે નં.૮૭, મિરઝાપર તા.-ભુજ ગ્રાહક નં. ૩૮૮૬૫/૦૧૪૧૧/૩નું એન.આર.જી.પી. જોડાણ ધરાવતા હતા. જેનો ઉપયોગ અરજદારશ્રીપ્લોટને ડેવલપ કરવા માટે તેમજ ઝાડપાનને પાણી પીવરાવવા માટે કરતા હતા.

૧.૧ ઉપરોક્ત જોડાણનું કાયમી ધોરણે વીજજોડાણ કાપ્યા બાદ તા.03/૦૧/૨૦૧૯ના રોજ મીટર વગેરે ઉતારી લેવામાં આવેલ. જે નાયબ ઈજનેરશ્રીના પત્ર નં. બીઆરએસડી/બીલીંગ/૧૯/૭૬૦, તા. ૦૭/૦૨/૨૦૧૯ થી જોઈ શકાય છે.

૧.૨ અરજદારશ્રીએ માફી યોજના માટે અમોએ રૂ. ૫૦૦/- પહોંચ નં. ૦૮૬૯૬૯, તા. ૨૭/૦૨/૨૦૧૯ના ભરેલ છે.

૧.3 આ અનુસંધાને નાયબ ઈજનેરશ્રી દ્વારા પત્ર નં. ભુજગ્રામ્ય/બીલીંગ/માફીયોજના/૨૦૧૯૧૮૧૭, તા. ૦૪/૦૪/૨૦૧૯ના રોજ જણાવવામાં આવેલ કે ઉપરોક્ત જોડાણ તા. ૩૧/૦૧/૨૦૧૯ પહેલાં ઉતારવામાં આવેલ છે. પણ ૧૮૦ દિવસ પૂરા થયેલ નથી. એટલે સદર યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

૧.૪ અરજદારશ્રી મુજબ જે જોડાણ તા.૩૧/૦૧/૨૦૧૯ પહેલાં પીડીસી થઈ ગયેલ હોય એને આ ૧૮૦ દિવસની લિમિટ લાગુ પડતી નથી.

૧.૫ અરજદારશ્રી સરકારશ્રીની એક વખતની માફી યોજનામાં ગામ મિરઝાપર તાલુકો-ભુજ વીજ ગ્રાહકશ્રી વિનોદ કાનજી હીરાણી, ગ્રાહક નં. ૩૮૮૬૫/૦૧૪૧૧/૩ વાળા ગ્રાહકના બાકી લેણાં રૂ. ૨,૩૮,૭૩૬.૪૮ માફી યોજનામાં લાભ આપવા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં રજૂઆત આવેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી પંક્તિ લક્કી સોની, ગામ- મિરઝાપર તાલુકો ભુજ, જેવીજજોડાણ શ્રી વિનોદ કાનજી હીરાણી, ગ્રાહક નં. ૩૮૮૬૫/૦૧૪૧૧/3 વાળા ગ્રાહકના બાકી લેણાં રૂ. ૨,૩૮,૭૩૬.૪૮ ભરપાઈ ન કરતા સદર વિજગ્રાહકનું મીટર ઉતારી લેવામાં આવેલ.

૨.૧ અત્રે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં વીજ ગ્રાહક નંબર ૩૮૮૬૫/૦૧૪૧૧/3 વાળાવીજજોડાણના બાકી લેણાંને માફી યોજનામાં માફી આપવા માટેની અરજી કરનાર પંક્તિ લક્કી સોની છે અને વીજજોડાણ વિનોદ કાનજી હીરાણીના નામે છે.

૨.૨ સદર કેશમાં વીજજોડાણ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૮ના રોજ ચેક કરવામાં આવેલ. ચેકીંગ દરમ્યાન સદર વીજજોડાણમાંથી એક બોરમાં ઉતારેલ સિંગલ ફેઈઝ ૩ હોર્સપાવરની મોટરનો ઉપયોગ બોરમાંથી ફિલ્ટર પ્લાન્ટમાં ટાંકામાં પાણી ભરવા માટે થાય છે. જે ફિલ્ટર પ્લાન્ટમાં પાણીનો ઉપયોગ થાય છે તે ફિલ્ટર પ્લાન્ટના ગ્રાહક નંબર ૩૮૮૬૫/૧૧૦૨૫/૪ થી ફેઈઝ એન.આર.જી.પી. હોવાનું માલૂમ પડેલ છે.

૨.3 આમ, સદર વીજસ્થાપનમાં ગેરરીતિ માલૂમ પડતાં પીજીવીસીએલ ભુજ ગ્રામ્ય પેટાવિભાગ દ્વારા પત્ર નંબર ૫૨૭૨, ત. 30/૦૭/૨૦૧૮થી ગ્રાહકશ્રી વિનોદ કાનજી હીરાણીને પેન્ડીંગ યુનિટની ગણતરી સાથે વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ-૧૨૬ હેઠળ રૂ. ૨,૨૪,૦૭૨.30નું પુરવણી બીલ આપવામાં આવેલ છે.

૨.૪ અરજદારશ્રી દ્વારા બાકી લેણાંની ભરપાઈ ન કરતાં સપ્લાય કોડ ૪/૧૫ની કલમ ૮.૩(૧) મુજબ પરવાનેદારની બાકી રકમની બીલ ચુકવણી સમયે બાકી રકમ ચૂકવવામાં કસૂર કરનાર કોઈપણ ગ્રાહકને આવી બાકી બીલની રકમ



Scanned by CamScanner

ચૂકવણી ૧૫ કામકાજના દિવસની નોટીસ આપ્યા પછી વીજ અધિનિયમની કલમ – ૫૬ અનુસાર લેખિતમાં જોડાણ છૂટું કરવાની પરવાનેદાર નોટીસ આપશે. ત્યારબાદ પરવાનેદારને દર્શાવેલ નોટીસ મુદત પૂરી થતાં તેને ઠીક લાગે તે પ્રમાણે સર્વિસ લાઈન / મીટર દૂર કરીને ગ્રાહકનું વીજ સ્થાપનનું જોડાણ કપાત કરશે. ઉપરોક્ત નિયમ મુજબ સદહું ગ્રાહકનું વીજ મીટર તા.૦૩/૦૧/૨૦૧૯ના રોજ ઉતારવામાં આવેલ.

૨.૫ સદર પુરવણી બીલ ગ્રાહક દ્વારા ભરપાઈ ન થતાં આ કનેક્શનનું તા.૨૯/૧૧/૨૦૧૮ના રોજ ટેમ્પરરી ડીસકનેક્શન કરવામાં આવેલ તેમજ તા.૦૩/૦૧/૨૦૧૯ના રોજ મીટર ઉતારી લેવામાં આવેલ.

૨.૬ આમ, અરજદારશ્રીનું સદરહુ ગ્રાહક મીટર તા.૦૩/૧/૨૦૧૯ના રોજ ઉતારવામાં આવેલ અને એક વખતની માફી યોજનાની શરત મુજબ તા.૩૧/૦૧/૨૦૧૯ની સ્થિતિએ કાયમી ધોરણે કપાયેલ વીજજોડાણને આ યોજનાનો લાભ મળી શકે.

૨.૭ અરજદારશ્રીનું મીટર તા.૩૧/૦૧/૨૦૧૯ પહેલાં ઉતારવામાં આવેલ પરંતુ ડીસકનેક્શન તારીખથી ૧૮૦ દિવસ પૂર્ણ થયેલ ન હોવાથી નિગમિત કચેરીના પત્ર નંબર પીજીવીસીએલ/એમનેસ્ટી/૨૦૧૮-૧૯/૨૧૮૩ તા. ૧૧/૦૩/૧૯ના પ્રશ્ન નં.-૭ મુજબના નિર્ણય મુજબ ૧૮૦ દિવસ પૂર્ણ ન થયેલ હોવાથી સદર યોજનાનો લાભ આપી શકાય નહીં અને આ બીલ ભરવાપાત્ર છે.

૨.૮ અરજદારશ્રીના બાકી લેણાં રૂ. ૨,૩૮,૭૩૬.૩૮ હોવાથી વીજમીટર નં. ૦૦૯૬૨૭૦ ભરપાઈ ન થતાં તા. ૩૧/૦૧/૨૦૧૯ના રોજ સપ્લાય કોડ મુજબ વીજ મીટર રીમુવ કરેલ છે. જેની અસર એલ.ટી. બીલીંગમાં સી.આર.એમ. મારફત 'ડી' સ્ટેટસ કરવાનું હતું. જેના બદલે શરતચૂકથી 'એક્સ' પી.ડી.સી. થઈ ગયેલ છે.

૨.૯ સપ્લાય કોડ મુજબ બાકી લેણાં હોય ત્યારે ડીસકનેક્શન કર્યા બાદ 'ડી' સ્ટેટસ અને તેના બાદ ૬(છ) માસ પછી બીલીંગમાં સી.આર.એમ. મારફત 'એક્સ' પી.ડી.સી કરવું જોઈએ.

## :: હુકમ ::

૩.૦ ભુજ તાલુકાના મીરઝાપર ગામે સર્વે નંબર ૮૭માં શ્રી વિનોદ કાનજી હીરાણીના નામથી ગ્રાહક નં. ૩૮૮૬૦/૦૧૪૧૧/૩ થી કોન્ટ્રાક્ટર લોડ ૧.૦ કિલોવોટનું એન.આર.જી.પી કેટેગરીનું વીજજોડાણ પ્રવર્તમાન છે. આ કનેક્શન પીજીવીસીએલના ભુજ ડીવીઝનના ભુજ(ગ્રામ્ય) પેટા વિભાગના કાર્યક્ષેત્રમાં આવે છે.

૩.૧ આધારભૂત રેકર્ડ મુજબ શ્રી વિનોદ કાનજી હીરાણી હયાત નથી, પરંતુ કનેક્શન હજુ સુધી વિનોદ કાનજી હીરાણીના નામથી જ રેકર્ડ ઉપર બોલે છે. આ કનેક્શનમાં હજુ સુધી કોઈપણ પ્રકારનું નામ ટ્રાન્સફર થયેલ નથી.

૩.૨ અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજ મુજબ, સદર મિલકતશ્રી વિનોદ કાનજી હીરાણી પાસેથી પંક્તિ શિવલાલ સોની તે લક્કી બકુલ સોનીના પત્ની દ્વારા દસ્તાવેજ નંબર ૫૬૨૫ તા. ૨૭/૦૪/૨૦૧૨થી ખરીદ કરવામાં આવેલ છે.

૩.૩ આ કેસમાં અરજદારશ્રી પંક્તિ લક્કી સોની દ્વારા સદર કનેકશનની બાકી લેણી રકમ રૂ. ૨,૩૮,૭૩૬.૪૮ ભરપાઈ કર્યા વગર માફી યોજના-૨૦૧૭ હેઠળ સમાવેશ કરવા બાબતે રજૂઆત કરેલ છે.

૩.૪ અરજદાર દ્વારા માફી યોજના માટે રૂ. ૫૦૦/- રસીદ નં. ૦૮૬૯૬૯ તા. ૨૭/૦૨/૨૦૧૯થી ભરપાઈ કઅરવામાં આવેલ છે.



Scanned by CamScanner

૩.૫ અરજદારની રજૂઆતના અનુસંધાને નાયબ ઈજનેરશ્રી દ્વારા જણાવવામાં આવેલ છે કે ઉપરોક્ત જોડાણ તા. ૩૧/૦૧/૨૦૧૯ પહેલાં ઉતારવામાં આવેલ છે. પરંતુ ટેમ્પરરી ડીસકનેક્શન અને પરમેનન્ટ ડીસકનેક્શન વચ્ચે ૧૮૦ દિવસ પૂરાથયેલ નથી. આ સંજોગોમાં આ કનેક્શનમાં માફી યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

૩.૬ આધારભૂત રેકર્ડ મુજબ સદર વીજજોડાણ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૮ના રોજ ચેક કરવામાં આવેલ. ચેકીંગ દરમ્યાન સદર વીજજોડાણમાંથી એક બોરમાં ઉતારેલ સિંગલ ફેઈઝ ૩ હોર્સપાવરની મોટરનો ઉપયોગ બોરમાંથી ફિલ્ટર પ્લાન્ટમાં ટાંકામાં પાણી ભરવા માટે થાય છે. જે ફિલ્ટર પ્લાન્ટમાં પાણીનો ઉપયોગ થાય છે તે ફિલ્ટર પ્લાન્ટના ગ્રાહક નંબર ૩૮૮૬૫/૧૧૦૨૫/૪ થ્રી ફેઈઝ એન.આર.જી.પી. હોવાનું માલૂમ પડેલ છે.

૩.૭ આમ,સદર વીજસ્થાપનમાં ગેરરીતિ માલૂમ પડતાં પીજીવીસીએલ ભુજ ગ્રામ્ય પેટાવિભાગ દ્વારા પત્ર નંબર ૫૨૭૨. ત. ૩૦/૦૭/૨૦૧૮થી ગ્રાહકશ્રી વિનોદ કાનજી હીરાણીને પેન્ડીંગ યુનિટની ગણતરી સાથે વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ-૧૨૬ હેઠળ રૂ. ૨,૨૪,૦૭૨.૩૦નું પુરવણી બીલ આપવામાં આવેલ છે.

૩.૮ સદર પુરવણી બીલ ગ્રાહક દ્વારા ભરપાઈ ન થતાં આ કનેક્શનનું તા.૨૯/૧૧/૨૦૧૮ના રોજ ટેમ્પરરી ડીસકનેક્શન કરવામાં આવેલ તેમજ તા.૦૩/૦૧/૨૦૧૯ના રોજ મીટર ઉતારી લેવામાં આવેલ.

૩.૯ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ વિનિમયો-૨૦૧૧ જાહેરનામા નંબર ૦૨/૨૦૧૧ના ક્લોઝ ૨.૩૦(૨) મુજબ વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ-૧૨૬ હેઠળ સમાવેશ થતો હોય તેવા કેસમાં ફરિયાદી ફોરમનો સંપર્ક કરવા હક્કદાર નથી.

૩.૧૦ ઉક્ત સંજોગોમાં અરજદાર ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમનો સંપર્ક કરવા હક્કદાર નથી , આ સંજોગોમાં અરજદારની ફરિયાદ રદ કરવામાં આવે છે.

Joshi Nitin H.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી. પારેખ)
ચેરપર્સન

ફરિયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯



Scanned by CamScanner